# <u>મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૩, અમદાવાદ.</u>

<u>ક્રિ.કેસ નં.૭૨૮૫૬/૨૦૨૦</u>

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : આકાશ નરેશભાઈ રાજપુત

**<u>આરોપ : જુગાર ધારા કલમ– ૧૨(અ) મુજબ</u>**

-: **<u>ચુ કા દો</u>** :-

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ જુગારધારાની કલમ– ૧૨(અ) મુજબના ગુનાનું તહોમત મુકેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સ બજવણી થતા કોર્ટ રુબરુ હાજર થતા તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેના ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ સ્વેચ્છાપુર્વક સમજી વિચારીને લેખિત કબુલાત પુરસીસ આપી ગુન્હો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુન્હો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારના ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે અને ભવિષ્યમાં ગુનાહીત પ્રવૃત્તિ નહી આચરવાની ખાત્રી આપે છે.

(૩) આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સામે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંય તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતા હોઈ તેઓની કબુલાત ધ્યાને લેતા તેમજ **<u>નામ.ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર.પેજ નં.૭૦૯</u>**નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં આરોપીને હળવી સજા કરી સુધરવાની તક

આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

## -:: <u>હુકમ</u> ::-

આ કામનાં દરેક આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ- ૨૫૨ અન્વયે **જુગાર ધારાની કલમ - ૧૨(અ) મુજબનાં** ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુપિયા **<u>૩૦૦/-</u>** ( અંકે રૂા. ત્રણ સો પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન- **<u>૧૦</u>** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. ભોગવેલ સજા મજરે આપવી.

નોન વેલ્યુબલ મુદ્દામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવો.

મુદ્દામાલ રોકડ રકમ તથા મોબાઈલ સરકાર ખાલસા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૨/૦૩/૨૦૨૨ ના રોજ સ્પે.સીટીંગ/લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૨
સ્થળઃ- અમદાવાદ

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
જી.જે.૦૦૮૮૭